૬૪૮૯ ૧૬

સિંધ પ્રાંતની ભૂગોળ વિદ્યા.

[ગુજરાતી બીજા ધોરણના વિદ્યાર્થીઓને માટે.]

રચી પ્રસિદ્ધ કરનાર

લાલજી હરજીવન મેતા,

ગુજરાતી હેડ માસ્તર-સિંધ મદ્રેસા તુલ ઈસ્લામ,

અને

બુકસેલર બંદર રોડ, કરાચી.

આવૃતિ પહેલી પ્રત ૧,૦૦૦

(સર્વ હક સ્વાધિન.)

કરાચી.

આર્યન પ્રિન્ટિંગ પ્રેસ.

ઈ. સ. ૧૮૯૫

સંવત ૧૯૫૧.

કિંમત સવા આનો.

☞ કોઇપણ વિદ્યાર્થી આ ભૂગોળ ખરીદ કરવાને અશક્ત છે એવું પોતાના માસ્તરથી સર્ટીફીકેટ સાથે સાબીત કરશે, તેને આ ચોપડી મફત આપવામાં આવશે.

(કર્ત્તા.)

ભૂગોળ વિદ્યા. ૬૨૯

ભૂગોળ વિદ્યા શીખવાથી થતા ફાયદા.

આ પૃથ્વી ઉપર પરમેશ્વરે બધે એક સરખી રચના કરી નથી. જુદા દેશમાં જુદી જુદી જાતનાં પ્રાણી અને જુદી જુદી જાતનાં વન બનાવ્યાં છે. તે જાણવાથી ઈશ્વરની અપાર શક્તિ માલમ પડેછે. પૃથ્વી ઉપર કેટલા દેશ છે. ને તે કઈ કઈ દિશાએ છે. ત્યાંના લોક કેવા છે ત્યાંની હવા કેવી છે. ત્યાં પાક શું શું થાયછે. ત્યાં રાજ્ય કેવી રીતે ચાલેછે. વગેરે ત્યાં શું શું જોવાનું છે. એ બધું આપણે જાણીએ છીએ. ઘરમાં બેઠા બેઠા આખી પૃથ્વીની મુસાફરી કરવાનું સાધન ભૂગોળ વિદ્યા છે.

દિશાઓની સમજ.

દિશાઓ—ચાર છે (૧) પૂર્વ (૨) પશ્ચિમ, (૩) ઉત્તર, (૪) દક્ષિણ

પૂર્વ દિશા—જે દિશામાં સૂરજ ઉગેછે તેને પૂર્વ દિશા કહેછે

પશ્ચિમ દિશા—જે દિશામાં સૂરજ આથમેછે તેને પશ્ચિમ દિશા કહેછે

ઉત્તર દિશા—પૂર્વ દિશા તરફ મો કરી ઊભા રહીએ તો ડાબા હાથ ભણી ઉત્તર દિશા આવેછે

દક્ષિણ દિશા—પૂર્વ દિશા તરફ મો કરી ઊભા રહીએ તો જમણા હાથ ભણી દક્ષિણ દિશા આવેછે.

ખૂણાઓની સમજ.

ખૂણા— ચાર છે. (૧) અગ્નિ, (૨) નૈઋત્ય, (૩) વાયવ્ય, (૪) ઈશાન.

અગ્નિ ખૂણો—પૂર્વ અને દક્ષિણ દિશાની વચ્ચે છે.

નૈઋત્ય ખૂણો—દક્ષિણ અને પશ્ચિમ દિશાની વચ્ચે છે.

વાવ્ય ખૂણો—પશ્ચિમ અને ઉત્તર દિશાની વચ્ચે છે.

ઇશાન ખૂણો—ઉત્તર અને પૂર્વ દિશાની વચ્ચે છે.

નકશો એટલે શું ?—કાગળ કે કપડા પર આખી પૃથ્વી કે, તેના કોઈ ભાગ અથવા નમૂના વગેરેના ચિત્રેલા આકારને નકશો કહેછે.

નકશાની દિશાઓની સમજ.

આપણે નકશા તરફ મોં કરી ઉભા રહીએ તો આપણા જમણા હાથ ભણી આવેલી નકશાની બાજુને પૂર્વ દિશા કહેછે. ને ડાબા હાથ ભણી આવેલી નકશાની બાજુને પશ્ચિમ દિશા કહેછે. અને આપણા માથા ભણી આવેલી નકશાની બાજુને ઉત્તર દિશા કહેછે. તથા આપણા પગ ભણી આવેલી નકશાની બાજુને દક્ષિણ દિશા કહેછે.

સિંધ પ્રાંત.

સીમા—ઉત્તરે બલુચિસ્તાન. પંજાબ, અને ભાવલપૂરનો કંઈક ભાગ. પૂર્વે ભાવલપૂર, જેસલમીર અને જોધપૂર. દક્ષિણે કચ્છનું રણ અને અરબી સમુદ્ર, પશ્ચિમે હાલા પર્વત અને બલુચિસ્તાન છે.

વિસ્તાર—ઉત્તરે કશ્મોરથી દક્ષિણે કોરીની ખાડી સુધી સિંધ પ્રાંતની લંબાઈ ૩૪૦ મૈલ છે અને પશ્ચિમે બૂશિર રાસલમારીથી પૂર્વે રાવતસર સુધી પોહોળાઇ ૨૬૦ મૈલની છે. ક્ષેત્રફળ ૫૩૮૯૮ ચોરસ મૈલ છે અને વસ્તી ૩૦૦૩૭૧૧ માણસની છે. એ પ્રાંત સિંધુ નદીનાં બેઉ કાંઠા પર છે તેથી તેનું નામ સિંધ પ્રાંત પડયું છે. એમાં મુસલમાનોની વસ્તી ઘણી છે એ પ્રાંતમાં રહેનારા લોક સંધી કહેવાયછે. અને ભાષા સંધી બોલાયછે.

વિભાગ—એ પ્રાંતના છ વિભાગ થએલા છે. ૧ કરાચી જીલ્લો, ૨ શિકારપૂર જીલ્લો, ૩ હૈદ્રાબાદ જિલ્લો, ૪ ઉત્તર સરહદ,

૫ થરપારકર જિલ્લો, ૬ ખૈરપૂર સંસ્થાન,

સિંધના ભાગ તથા મુખ્ય શહેર.

ભાગ	મુખ્ય શહેર
૧ સિંધનો ઉપલો સરહદનો મૂલક,	જેકમાબાદ.
૨ શિકારપૂર જિલ્લો,	શિકારપૂર.
૩ હૈદ્રાબાદ જિલ્લો,	હૈદ્રાબાદ.
૪ કરાચી જિલ્લો,	કરાચી.
૫ થરપારકર જિલ્લો,	ઊમરકોટ.
૬ ખૈરપૂર સંસ્થાન દેશી રાજ્ય,	ખૈરપૂર..

અંગ્રેજી રાજ્ય.

૧ ઉત્તર સરહદ, ૨ શિકારપૂર જિલ્લો, ૩ હૈદ્રાબાદ જિલ્લો, ૪ કરાચી જિલ્લો, ૫ થરપારકર જિલ્લો.

મોટી નદીઓ—સિંધુ, હબ, ગાજ, બારાન, મોહન, મલીર અને લયારી વગરે.

પર્વતો—હાલા, (ખીરથર, કરૂ, પબ) **લક્કીના પર્વતો**—મોહન કર્ટા, કાંબો, સરજાન, કારોટકર, અને દહારીઆડો વગેરે.

સિંધમાં સૌથી મોટો પર્વત હાલા છે તે ખીલાત અને સિંધ પ્રાંતની સરહદ પર છે ખીરથર, કરૂ, પબ એ પર્વતો પશ્ચિમ સરહદ પર છે એ પર્વતોને હાલા પર્વતની હાર કહેછે. અને લક્કીના પર્વતો—હાલા પર્વતમાંથી નીકળી સેવાનની સુધી ગયાછે તેને ભંગાટોડો કહેછે. મોહન. કર્ટા, કાંબો, સરજાન, કારોટકર, એ પર્વતો કરાચી જિલ્લામાં છે દહારીઆડો પર્વત ખાનકલાતના મૂલકમાં છે. એ પર્વત પર ગરમીના દહાડામાં અંગ્રેજ વગેરે અમલદારો હવા ખાવા વાસ્તે જાયછે. એ પર્વત પર કૂતરાની કબર (ઘોર) છે.

બંદરો—કરાચી, કેટીબંદર, ગીઝુબંદર, સંઢો વગેરે.

બેટ—મનોડા

ભૂશિર—માંજ (રાસલમારી)

લસ્કરની છાવણી—કરાચી, હૈદ્રાબાદ, જેકમાબાદ વગેરે.

સરોવર—મંચ્છર, કંજોરી, સોનેરી, હાલેજી, સુમરી, મખી વગેરે.

ખાડી—કોરી, શિર, ગારો, ગિસરી.

સિંધુ નદીના ફાંટા કે નાળા.

પૂર્વનાળો, પશ્ચિમ નાળો, અડલ ફાંટો, પીંજારી ફાંટો, ભગાડ ફાંટો, ફુલેલી ફાંટો, અને સતા ફાંટો વગેરે.

પૂર્વ નાળો—રોહડી આગળથી નીકળી ખૈરપૂર અને થરપારકર જિલ્લામાં વહી મખીના સરોવરમાં પડેછે.

પશ્ચિમ નાળો—લાડકાણા આગલથી નીકળી મહેર અને સેવાનની બાજુમાં વહી મંચ્છરનાં સરોવરમાં પડેછે. (એ નાળો જે પ્રદેશમાં વહેછે તેને ચાંદકો કહેછે. ચાંદકો સિંધમાં ફળદ્રુપ છે.)

અડલ ફાંટો—મંચ્છર સરોવરમાંથી નીકળી સિંધુ નદીમાં પડેછે.

પીંજારી ફાંટો—હૈદ્રાબાદની દક્ષિણે ૪૦ મૈલને છેટે બના ગામ પાસેથી નીકળી મુગલભામની બાજુમાં વહી ગુગડાના સરોવરમાં પડેછે.

ભગાડ ફાંટો—નગરઠઠ્ઠાની દક્ષિણે છે.

ફુલેલી ફાંટો—હૈદ્રાબાદની ઉત્તરે ૧૨ મૈલ છેટે ગલી ગામની પાસેથી નીકળી અગ્નિ ખુણે વહેછે. (એ ફાંટાને મહમદખાનના ટંડા આગળ ગુની કહેછે.

સતા ફાંટો—નગર ઠઠ્ઠાની દક્ષિણે ભાવધીપૂરની બાજુમાંથી નીકળી દક્ષિણ તરફ વહેછે.

નહેરો.

બેગાડી નહેર, નુર નહેર, સિંધ નહેર, ઘાંડ નહેર, સખર નહેર, કલરી નહેર, હજામડો, નવલખા, નશીર, ઈમામ, દાદુ, ઘલો, સાંગરો-

માર્ક, મીહરાઉ, ભાનુ, થર, મીર, ખિપ્રા વગેરે છે.

બેગાડી નહેર—મુલંદકામાંથી નીકળી શિકારપૂરની વચ્ચે થઇ પટ તરફ વહેછે.

નુર નહેર—બેગાડી નહેરમાંથી નીકળી જેકમાબાદ તરફ ગયો છે.

સિંધ નહેર—આબાદ ગામમાંથી નીકળી શિકારપૂર આગળ વહેછે.

ઘાંડ નહેર—છતાના ગામ આગળથી નીકળી લાડકાણાની બાજુમાં વહેછે.

સખર નહેર—સખર આગળથી નીકળી અલાદાદાણીના ગામ આગળ સિંધ નહેરની પુછડી સાથે મળેછે. (એ પાંચે નહેરો શિકારપૂર જિલ્લામાં છે.)

કલરી નહેર—નવલખી નહેર કરાચી જિલ્લામાં છે.

નશીર નહેર—નવલખી નહેર ઇમામ નહેર દાદુ, ધસા, સાંગરો, માર્ક એ નહેરો હૈદ્રાબાદ જિલ્લામાં છે.

મીહરાઉ કે ભાનું—થર, ખિપ્રા એ નહેરો પૂર્વ નાળામાંથી નીકળી થરપારકર જિલ્લામાં વહેછે.

મીર નહેર—ખૈરપૂર સંસ્થાનમાં છે.

વખાણાયલી વસ્તુવાળાં શહેર.

શહેર	શું શું થાયછે.
હૈદ્રાબાદમાં—	સોનેરી તથા રેશમી ભરત. સોના ઉપર કુંદન કામ, રૂપા ઉપર મીનાકારીનું કામ, હાથી દાંતનાં રમકડાં તથા સંઘાડાનું કામ.

હાલા અને **નશરપૂર**માં—માટીના વાસણો ઉપર મીનાકારીનું કામ.

નશરપૂર ગમ્બટ અને **રાણીપુર**માં—સુતરાઉ કાપડ, ચાદરો, પાઅલીઓ, સુસીઓ.

લાડકાણામાં—	કાંસાના વાસણ અને સાંધી કાગળ.

શિકારપુરમાં— નકશી તથા ભરત કામ. હાથી દાંતનાં રમકડાં વગેરે.

નગરઠઠ્ઠામાં— રેશમી લુંગીઓ અજરકો અને સરબત.

બુભકમાં – ગાલીચા, (શેત્રંજી) તમાકુ, વગેરે.

થરપારકરમાં— ઉંટો, કામળીઓ, ચામડાની વસ્તુ વગેરે.

કંડીઆરામાં – સધો કાગળ.

મહારીપુર અને હેલીઆરમાં —મીઠું.

ધર્મ—હિંદુ, એ ધર્મના અનેક પંથ છે તેમાં વૈશ્નવ જૈન શૈવ, રામાનુજ વગેરે.

પાક—આ પ્રાંતમાં બે પાક થાયછે. ૧ ચોમાસાનો (ખરિફ) ૨ શિયાળાનો (રબિ) ખરીફ પાક પાણી ચડતી વખતે વાવેછે. ને કાર્તક મહિનામાં તૈયાર થાયછે. તે પાકમાં ડાંગર, જુવાર, બાજરી, તલ, રૂ, શેરડી, તમાકુ, ગળી વગેરે પાકેછે. રબિ પાક પાણી ઉતરી ગયા પછી પલલેલી જમીનમાં વાવેછે. એ પાક ચૈત્ર મહિનામાં તૈયાર થાયછે. તે પાકમાં ઘઉં, જવ, ચણા, ચિણા, મટર, સરસી, જાંબો વગેરે પાકેછે.

રવાનગી—(પરદેશ જાયછે) લુગડાંનાં ચોથરાં, ચામડા, રૂ, ઉન, ઘઉં, સરસી, જુવાર, લાકડાં વગેરે.

આમદાની—(પરદેશથી આવેછે) લોઢું, કોયલા, સોનું, રૂપું, તાંબુ, પીતળ, કાપડ. સંચા, ચીની વાસણ, ચા, ગાસ્લેટ, દીવાસળી, કાચ, લોઢાનો સામાન. રબર, કાગળ, દારૂ, ટીન વગેરે ઘણોજ બિલાયતી સામાન આવેછે.

હવા—ઉત્તર અને મધ્ય ભાગમાં ઠંડી તથા ગરમી ઘણીજ પડેછે પરંતુ દક્ષિણના ભાગમાં ઠંડી તથા ગરમી માફક છે.

વેપાર—અગાઉ એ પ્રાંતમાં ફકત ૧૨ લાખ રૂપિઆનો વેપાર ચાલતો

હતો, અને હાલ આગગાડી તથા આગબોટની સહેલાઈથી ૧૨ કરોડ રૂપિઆનો વેપાર ચાલેછે.

નદીઓ.

સિંધુ નદી—હિમાલય પર્વતની ઉત્તરે ટિબેટના માનસરોવરમાંથી નીકળી ૧૮૦૦ મૈલ વહી અરબી સમુદ્રને મળેછે એના ઉપર સખર, રોહડી, લાડકાણા, સેવાન, કોટ્રી, ગીધુ બંદર, જરક, કેટી બંદર વગેરે શહેરો છે.

હબ—બલુચિસ્તાનના ડુંગરમાંથી નીકળી સિંધ અને લસબેલામાંથી વહી રાસમારી આગળ અરબી સમુદ્રને મળેછે.

ગાઝ—ખીરથર પર્વતમાંથી નીકળી ફુલજી આગળ પશ્ચિમ નાળાને મળેછે.

બારાન—ખીરથર પર્વતમાંથી નીકળી શાલ ગામ આગળ સિંધુ નદીને મળેછે.

મોહન—રનીકોટ આગળથી નીકળી સનગામ આગળ સિંધુ નદીને મળેછે.

મલીર—પબ પર્વતમાંથી નીકળી કરાચીની બાજુ (ગીસરીની ખાડી)માં અરબી સમુદ્રને મળેછે.

લયારી—પબ પર્વતની ટેકરીમાંથી નીકળી અરબી સમુદ્રને મળેછે.

રાજ્ય રિતી.

આખા સિંધ પ્રાંતમાં મોટો હાકેમ કમીશ્નર સાહેબ રહેછે

સિંધ પ્રાંતના ત્રણ જિલ્લા, જેવા કે, કરાચી જિલ્લો, હૈદ્રાબાદ જિલ્લો, અને શિકારપૂર જિલ્લો, એ દરેક જિલ્લાનો કારભાર કલેકટર સાહેબ કરેછે. અને તેઓના હાથ નીચેના તાલુકાનો કારભાર ડેપ્યુટી કલેકટર કરેછે. અને ખજાનાને માટે એક હજુર ડેપ્યુટી કલેકટર રહેછે. ઉત્તર સરહદ તથા થરપારકર જિલ્લાનો કારભાર ડેપ્યુટી કમિશ્નર

સાહેબ કરેછે. દરેક ડેપ્યુટી કલેકટરની વતી મામલતદાર (મુખત્યારકાર) રહેછે.

કરાચી જિલ્લો.

સીમા—ઉતરે શિકારપૂર જિલ્લો, પૂર્વે સિંધુ નદી, હૈદ્રાબાદ જિલ્લો, અને કચ્છનું રણ, દક્ષિણે અરબી સમુદ્ર, પશ્ચિમે બલુચિસ્તાન, અને લસબેલા છે.

વિસ્તાર—ક્ષેત્રફળ ૧૪૧૮૨ ચોરસ મૈલ છે, અને વસ્તી ૫૬૪૮૮૦ માણસની **છે.**

નદીઓ—હબ, ગાઝ, બારાન, મોહન, મલીર, અને લયારી વગેરે.

પર્વતો—પબ, ખીરથર, અને લક્ષીના પર્વતો વગેરે.

સરોવર—મંચ્છર, કંઝોરી, સોનારી, હાલેજી, ચુગડો વગેરે.

મુખ્ય શહેર—કરાચી, નગરઠઠ્ઠા, ઝરક, મીરપૂરસાકરો, ઘોડાબારી, કેટીબંદર, કોટ્રી, મીરપૂરબઠોરો, સુજાવલ, સેવાન, શાહ-બંદર, મુગલભીમ, માઝીંદા વગેરે.

મુખ્ય રેલવે સ્ટેશન—કરાચી, જુંગશાહી કોટ્રી, સેવાન, દાદુ વગેરે

પેદાસ—ડાંગર, ઘઉં, બાજરી, જુવાર, જવ, સરસી, તલ, મગ, મકાઈ, તમાકુ, ઉન, શેરડી વગેરે.

રાજ્ય રિતી—આ જીલ્લામાં ત્રણ ડેપ્યુટી કલેકટર રહેછે. ૧ સેવાનનો ૨ ઝરકનો, ૩ શાહબંદરનો, તેઓના તાબામાં ૧૩ તાલુકા છે. સેવાન, દાદુ, માઝીંદા, કોટ્રી, જોહી એ તાલુકા સેવાનના સેવાના ડેપ્યુટી કલેકટરના તાબામાં છે. કરાચી, નગરઠઠ્ઠા, ઘોરાબારી, મીરપૂરસાકરો, એ તાલુકા ઝરકના ડેપ્યુટી કલેકટરના તાબામાં છે. મીરપૂરબઠોરો, સુજાવલ, જાતી, શાહાબંદર એ તાલુકા સેવાનના ડેપ્યુટી કલેકટરના તાબામાં છે.

વિશેષ હકીકત—મુખ્ય શહેર કરાચી છે. (પહેલાં ધડબો કહેતા) એમાં ૧૦૫૧૯૯ માણસની વસ્તી છે. એ શહેર સિંધ પ્રાંતમાં સૌથી મોટું બંદર તથા શહેર છે. એ રાજ્યધાનીનું શહેર છે એમાં મોટા હાકેમ કમીશ્નર સાહેબ રહેછે. એમાં અંગ્રેજ લોકો વગેરેની ઓફીસો તથા કારખાના (ગોદીઓ) ઘણી છે. એની ઉત્તરે ૧૦ મૈલને છેટે મગરપીરની જગ્યા છે ત્યાં ઉના પાણીના ઝરણ છે, ત્યાં હિંદુ, તથા મુસલમાન વગેરે બધા માણસો જાત્રાએ જાયછે એ શહેરમાં જોવા લાયક ઠેકાણાં ઘણાં છે.

હૈદ્રાબાદ જિલ્લો.

સીમા—ઉત્તરે શિકારપૂર જિલ્લો અને ખૈરપૂર સંસ્થાન, પૂર્વે ખૈરપૂર સંસ્થાન અને થરપારકર જિલ્લો. દક્ષિણે કચ્છનું રણ, પશ્ચિમે સિંધુ નદી છે.

વિસ્તાર—ક્ષેત્રફળ ૯૦૦૩ ચોરસ મૈલ છે અને વસ્તી ૯,૧૮,૭૪૬ માણસની છે.

પર્વત—ગંજો (એમાં મેટની ખાણ છે.)

મુખ્ય શહેર—હૈદ્રાબાદ, ગુની, બદીણા, ટંન્ડોબાગેનો, ડેરો મોહબતનો, ટંન્ડો મહંમદખાનનો, નવાલાલ્લા, શેહેદાદપુર, મીરપુરખાસ, ટંડો અલ્લાયાર, નોશારોફ્રેરોઝ, કંડીઆરો, મોરો સકરંડ નસરપૂર વગેરે.

મુખ્ય રેલવે સ્ટેશન—ગીધુ બંદર, હૈદ્રાબાદ, ટંન્ડોઝામ, મીરપૂરખાસ, અને ટંન્ડોઅલ્લાયાર.

પેદાસ—ઘઉં, જુવાર, બાજરી, મટર, જાંબો રૂ. સરસી વગેરે.

રાજ્ય રિતી હકીકત—એમાં ચાર ડેપ્યુટી કલેકટર રહેછે ૧ હૈદ્રા–

આદનો, ૨, ટંન્ડાનો, ૩, હાલાનો, ૪ નોશારોફેરોઝનો હૈદ્રાબાદ તાલુકો એ હૈદ્રાબાદના ડેપ્યુટી કલેકટરના તાબામાં છે, ગુની, બદીણું, ટંન્ડોબાગેનો, ડેરોમોહોબતનો, એ તાલુકા ટંન્ડાના ડેપ્યુટી કલેકટરના તાબામાં છે, હાલા શેહેદાદપૂર મીરપૂરખાસ ટંન્ડોઅલાયાર. એ તાલુકા હાલ્લાના ડેપ્યુટી કલેકટરના તાબામાં છે.

વિશેષ હકીકત—આ જિલ્લો સિંધપ્રાંતમાં, કારીગરીને માટે પ્રખ્યાત છે, તેનું મુખ્ય શહેર હૈદ્રાબાદ છે. એમાં ૫૮,૦૪૮ માણસની વસ્તી છે, એ પેહેલાં કલોડા તથા મીરોના વખતમાં સિંધપ્રાંતની રાજધાનીનું શહેર હતું, એમાં ગુલામ શાહ કલોડાનો બાંધેલો કિલ્લો તથા મીનારા જોવાજોગ છે, એ શહેરની તથા ગીધુ બંદરની વચ્ચે ગાંડા માણસોની મોટી ઈસ્પીતાલ છે. એ શહેરથી ૨૦ મૈલ છેટે લાલ ઉદેરાની જગ્યા છે ત્યાં ચૈત્ર માસમાં મોટો મેળો ભરાય છે.

શિકારપૂર જિલ્લો.

સીમા—ઉત્તરે સિંધનો ઉપલો સરહદનો મુલક, પૂર્વે બાવલપૂર અને જેશલમીર દક્ષિણે કરાચી જિલ્લો અને હૈદ્રાબાદ જિલ્લો પશ્ચિમે કરૂ અને ખીરથર પર્વત છે.

વિસ્તાર—ક્ષેત્રફળ ૮૨૯૬ ચોરસ મૈલ. અને વસ્તી ૮૧૫૪૯૭ માણસની છે.

પર્વતો—દહારીઆડો એ ઉપર ઉનાળાના દહાડામાં ઘણાં અંગ્રેજ વગેરે અમલદારો હવા ખાવા જાયછે. એ ઉપર કૂતરાની એક કબર (ઘોર) છે.

મુખ્ય શહેર—શિકારપુર, સખર, નોશારાઆબરો, રોહડી, ઘોટકી.

મીરપૂરમહારી, ઉબાવડો લાડકાણા, રતોદેરો, કંબર, નશીરાબાદ, મહેર, કકડ, ગારીયાશીન, સીજવલ વગેરે શહેરો છે.

મુખ્ય રેલવે સ્ટેશન—સિના, રાંધણુ, લાડકાણા, રૂકજંકશન, શિકારપૂર,, સખર, રોહડી, ઘોટકી વગેરે.

પેદાસ—ઘઉં, બાજરી, જુવાર, રૂ, ઊન, ભાંગ, તમાકુ, શેરડી વગેરે.

રાજ્ય રિતી—આ જીલ્લામાં ચાર ડેપ્યુટી કલેક્ટર સાહેબ રહેછે. ૧ સખરનો, ૨ રોહડીનો, ૩ લાડકાણાનો, ૪ મેહેરનો. સખર, શિકારપૂર, નોસારોઅબરો એ તાલુકા સખરના ડેપ્યુટી કલેકટરના તાબામાં છે. રોહડી, ઘોટકી, મીરપૂરમાથેલો, ઉબાવડો, એ તાલુકા રોહડીના ડેપ્યુટી કલેકટરના તાબામાં છે. લાડકાણા, લબદરિયા, રતોદેરો, કંબર, એ તાલુકા લાડકાણાના ડેપ્યુટી કલેકટરના તાબામાં છે. નશીરાબાદ, મહેર, કકડ એ તાલુકા મેહેરના ડેપ્યુટી કલેકટરના તાબામાં છે.

વિશેષ હકીકત—શિકારપુર, એ મુખ્ય શહેર છે. એને પેહેલાં ખોરાસાનની ભાગોળ કહેતા એમાં ૪૨૦૦૪ માણસની વસ્તી છે. એમાં વેપાર સારો ચાલેછે. એના રહેવાશી સુઘડ અને ખુશમીજાજી છે.

ઊત્તર સરહદ.

સીમા—ઉત્તરે બલુચિસ્તાન ને પંજાબ, પૂર્વે સિંધુ નદી, દક્ષિણે શિકારપૂર જિલ્લો, પશ્ચિમે ખોલાત છે.

વિસ્તાર—ક્ષેત્રફળ ૨૫૪૯ ચોરસ મૈલ છે. વસ્તી ૧૭૪૫૮ માણસની છે.

મુખ્ય શેહેર—જેકમાબાદ, **મુખ્ય રેલવે સ્ટેશન**—જેકમાબાદ, ત્યાંથી રેલવે કોયટા, ચમન, અને કંદહાર તરફ જાયછે.

પેદાસ—ઘઊં, બાજરી, જુવાર, મટર, તલ, ચણા, સરસી, જાંબો વગેરે.

રાજ્યરિતી એમાં ચાર તાલુકા છે ૧ જેકબાબાદ, ૨ શહેદાદપુર, ૩ કુલ, ૪ કશ્મોર.

વિશેષ હકીકત—એમાં મુખ્ય શહેર જેકબાબાદ છે એમાં ૧૨૩૯૯ માણસની વસ્તી છે એને પેહેલા ખાનગડ કહેતા. એમાં વરસાદ બહુ થોડો વરસે છે.

થરપારકર જિલ્લો.

સીમા—ઉત્તરે ખેરપુર સંસ્થાન, પૂર્વે રજપૂતાના દેશીરાજ્યો, દક્ષિણે કચ્છનું રણુ, અને પશ્ચિમે હૈદ્રાબાદ જિલ્લો છે.

વિસ્તાર—ક્ષેત્રફળ ૧૨,૭૨૯ ચોરસ મૈલ છે અને વસ્તી ૨૯૮૨૦૩ માણુસની છે.

પર્વત—કાંકેઝર.

સરોવર—સુમરા, મખી.

મુખ્યશહેર—ઉમરકોટ, ખિપ્રા, સાંઘણ, છાછરો મિઠી, દીપલો, નગરપારકર, વિરાવાવ, જગાબજાર પેથાપુર કાસબો અને રાવતસર વગેરે.

રેલવે સ્ટેશન—શીધીપાલી (ત્યાંથી રેલવે ઉમરકોટ તરફ જાયછે.)

રાજ્યરિતી—એમાં ૭ તાલુકા છે. ૧ ઉમરકોટ, ૨ ખિપ્રા, ૩ સાંઘડ ૪ મિઠી ૫ છાછરો ૬ દીપલો ૭ નગરપારકર.

વિશેષ હકીકત—આ જિલ્લામાં રેતીનાં રણુ બહુ છે. એનું મુખ્ય શહેર ઉમરકોટ છે. તેમાં ૩૭૦૨ માણુસની વસ્તી છે. એમા મોગલ વંશનો પ્રખ્યાત બાદશાહ અકબર ઈ. સ. ૧૫૪૨માં જનમ્યો હતો.

ખૈરપૂર સંસ્થાન.

સીમા—ઉત્તરે શિકારપૂર જિલ્લો, પૂર્વે જેશલમીર સંસ્થાન, દક્ષિણે થરપારકર જિલ્લો, તથા હૈદ્રાબાદ જિલ્લાનો કંઈક ભાગ. પશ્ચિમે સિંધુ નદી, અને હૈદ્રાબાદ જિલ્લો છે.

વિસ્તાર—ક્ષેત્રફળ ૬૧૦૯ ચોરસ મૈલ છે. અને વસ્તી ૧૩૧૯૩૭ માણસની છે.

મુખ્ય શહેર—ખૈરપુર, લાલુકોટ, કોટદીજી, ટન્ડો મસ્તીખાન, ગંબટ-રાણીપુર વગેરે.

પેદાસ—ઘઊં, મધ, જવ, પડવાસ, નીર, જુવાર, મટર, ચણા, પાપડ, ખાર, સરસી, જાંબો વગેરે.

વિશેષ હકીકત—એ સંસ્થાન મીર અલીમુરાદના દીકરા ફૈઝમહમદ ખાનના તાબામાં છે. એ સંસ્થાનનું રાજ્ય વહીવટ સુધારવા માટે અંગ્રેજ સરકાર પાસેથી એક વઝીર નામે ખાનબહાદૂર કાદરદાદખાન સી. આઇ. ઈ. લીધેલ છે. તેથી હાલ રાજ્યવહીવટ સારી રીતે ચાલેછે. એનું મુખ્ય શહેર ખૈરપુર છે. ત્યાંના રાજા અમીર કહેવાયછે. એમાં ૬૨૪૦ માણસની વસ્તી છે. એમાં રેતીનાં રણ તથા ટેકરા ઘણાંછે.

શેહેર વર્ણન.

કરાચી—એ શહેરમાં વેપાર ઘણો ચાલેછે. એમાં અંગ્રેજ વગેરે લોકોની મોટી મોટી ઓફીસો તથા કારખાના ઘણાં છે. એમાં સિંધ પ્રાંતનો મોટો હાકેમ કમીશ્નર સાહેબ રહેછે. એ શહેર સિંધ પ્રાંતની ગાદીની જગ્યાછે. એમાં જોવા લાયક ઠેકાણાં ઘણાંછે જેવાંકેઃ—ગવર્મેંટ, ગાર્ડન, ફ્રીયર હોલ, અરસ્કીન

ગાર્ડન, ઈમપ્રેસ મારકીટ, હાઇસ્કુલ, આર્ટસ કોલેજ, *મદ્રેસા, મેરીવેધર ટાવર, ગિસરી, મનોડા, (દીવાદાંડી, મનોડાનો કીલ્લો, વર્ક શૅાપ,) વગેરે ઘણાંછે.

નગરઠઠ્ઠા—એ ઘણુંજ અસલી જુનું શહેર છે. અગાઉ તે ઘણું મોટું શહેર હતું. હાલ પડીભાગેલું છે. તેમા જુમા મસીદ, મકલીનું મુકામ વગેરે. કુવા ઘણાં જોવાજોગ છે. એમાં રેશમી લુંગીએ તથા અજરકો ઘણી સારી બનેછે.

કોટડી—એ બંદર છે. એમાં આગબોટો ઉભી રહેછે. અને સિંધુ નદી પાર ઉતારવાના કામમાં આવેછે. ત્યાં વેપાર ઠીક ચાલેછે.

સેવાન—એ શહેરમાં દર વરસે શાબાનવાળા મહિનાની ૨૧મી તારીખે લાલશાહબાદનો મોટો મેળો ભરાયછે.

હૈદ્રાબાદ—એ શહેરમાં અસલ સિંધ પ્રાંતની ગાદી હતી. એમાં સોનેરી ભરત કામ અને હાથી દાતનું કામ સારૂં થાયછે. એમાં મીર લોકોની કબરો ઘણી છે. બીજાં જોવા લાયક ઠેકાણાં. જેવાંકે:—ટ્રેનીકાલેજ, એગ્રીકલચર સ્કૂલ વગેરે છે.

ગીધુ બંદર—એ બંદર છે. એની પાસે ગાંડા માણસોની મોટી ઈસ્પીતાલ છે. એ બંદર હૈદ્રાબાદથી ત્રણ મૈલને છેટે છે ત્યાં હવા સારી છે.

નશરપુર—એમાં ઉડેરાલાલનો જન્મ સવંત ૧૦૦૭ના ચૈત્ર સુદી બીજનો થયો હતો.

શિકારપૂર—એમાં વેપાર ઠીક ચાલેછે ત્યાંના રહેવાશી ઘણા સુઘડ છે.

સખર—એ બંદર છે એની અને બખરની વચ્ચે લોઢાનો ઝુલતો પૂલ બાંધેલોછે તે જોવાજોગછે.

જેકબાબાદ—એમાં વરસાદ ઘણો થોડો વરસેછે. ત્યાં રેલનું પાણી ચડેછે તેથી ખેતી સારી થાયછે.

પારકર જિલ્લો—એમાં રેતીના રણ છે. ત્યાંનાં ઊંટ વખણાયછે.

૧૨ પારકર—એ કચ્છના રણમાં બેટ જેવો છે. ત્યાં વરસાદ થોડો વરસે છે.

ઉમરકોટ—એમાં પ્રખ્યાત અકબર બાદશાહ ઇ. સ. ૧૫૪૨માં જન્મ્યો હતો.

ખેરપૂર—એ દેશીરાજ્ય છે એમાં મીર ફૈઝમહમદખાન રાજ્ય કરેછે.

નીચે લખ્યું શું શું છે તે નકશામાં બતાવો.

અલાદાદણી, અલીબહર, આબાદ અરબી સમુદ્ર.

મકોટ.

ાવડો, ઉમરકોટ.

ક—કકડ, કરાચી, કરૂ, કલરી, કસ્મોર, કાડૂંઝર, કેટીબંદર, કોટ્રી, કંડીઆરો, કંબર, કંજોરી, વગેરે.

ખ—ખિપ્રા, ખિરથર, ખિલાત, ખૈરપુર.

ગ—ગઢડો, ગાજ, ગારીયાશીન, ગિસરી, ગીઘુબંદર, ગુગડો, ગુની.

ઘ—ઘલો, ઘારો, ઘોટકી, ઘોડાબારી.

છ—છતા, છાછરો.

જ—જાતી, જીંદપીર, જુંગશાહી, જેકમાંબાદ, જેશલમીર, જુડો.

ઝ—ઝરક.

ટ—ટંડોઅલાયાર, ટંડોજામ, ટંડોબાગેનો, ટંડોમહમદખાનનો.

ઠ—ઠુલ.

ડ—ડેરોમોહોબતખાનનો.

થ—થરપારકર.

દ—દાદુ, દહારીઆટો, દીપલો.

ન—નગરપારકર, નશીરાબાદ, નસરપુર, નોશારો ફેરોઝ.

પ—પબ, પીંજારી, પેથાપુર.

ફ—ફુલજી.

બ—બદીણા, બલુચિસ્તાન, બુલંદકો.

ભ—ભખર, ભગાટોડો, ભારાન, ભાવલપૂર, ભુભક.

મ—મણી, મગરપીર, મનોરા, મલીર, માત્રીઆ, મીરપુરખાસ, મીરપુર સાકરો, મીરપુર બઠોરો, મંચ્છર.

ર—રજપુતાના, રતોડેરો, રનીકોટ, રાવતસર, રાસલર, વગેરે.

લ—લાડકાણા, લસબેલો, લાલડેરો.

વ—વંગા બજાર.

શ—શાહબંદર, શિકારપુર, શાહદાદપુર.

સ—સકરંડ, સખર, સિંધુ, સુજાવલ, સેવાન, સાંઘડ, સંદો

હ—હજામડો હૈદ્રાબાદ, હાલા, હોલજી.

સમાપ્ત.